## જૈન ચિત્રકળાના વિકાસમાં અંચલગચ્છીય :
# શ્રી માણિક્યકુંજરસૂરિજીનો ફાળો

— શ્રી સારાભાઈ મણિલાલ નવાબ

નવી દિલ્હીના રાષ્ટ્રીય મ્યુઝિયમમાં, વિક્રમ સંવત ૧૪૭૪ માં જેઠ સુદી પૂર્ણિમાએ ગુરુવારના દિને બાડમેર (રાજસ્થાન)માં લખાયેલી સુંદર અને રંગીન એવાં ૨૭ ચિત્રોવાળી હસ્તપ્રત છે, તે કલાની દૃષ્ટિએ ઉચ્ચ પ્રકારની છે. તે પ્રતના ૩૯ મા પાનાની પુષ્પિકામાંથી પૂજ્યશ્રી માણિક્યકુંજરસૂરીશ્વરજીનો ઉલ્લેખ ભારતીય જ્ઞાનપીઠ (નવી દિલ્હી)થી પ્રગટ કરાયેલ Jain Art and Architecture, Volume III માં ચિત્રપેટી ૨૭૪ માં આ પ્રમાણે છે.

संवत् १४७४ वर्षे ज्येष्ठ शुदि १५ गुरौ ॥
अर्हन्मूलः सुधर्म्मादिकगणधरजः स्कंधबंधाभिरामः
स्फूर्जत् श्रीसंघशाखः स्थविरवरदलश्चारुचारित्रपुष्पः ।
दानाद्यैर्नीरपूरैः सकलसुखरैः संततं सिच्यमानः
सच्छायापास्ततापः शिवगतिफलदः कल्पकल्पद्रुमो वः ॥१॥
श्रीमदंचलगच्छे श्रीजिनचंद्राख्यसूरयः ।
सूरिः सुमतिसिंहश्च पद्मदेवस्तथा गुरुः ॥ १ ॥

### શ્રી માણિક્યકુંજરસૂરીશ્વરજી

सूरींद्रोऽभयदेवाख्योऽभयसिंहेति सूरयः ।
सूरिर्गुणसमुद्रश्च सूरिर्माणिक्यकुंजरः ॥ २ ॥
श्रीश्रीमालवंशे भुवने बभूव दूदाभिधो वाग्भट--मेरुदुर्गे ।
भार्या पुनर्देवलदेवी नाम्ना पुत्राः पवित्राः किल तस्य संति ॥ ३ ॥
जेसा—हापा—देईया—आपू—नाम्ना महाजननिकमुख्याः ।
तेषां चापरमाता दूल्हादेवी प्रसिद्धास्ति ॥ ४ ॥
चतुःसप्ततिवर्षे साऽकारयत् कल्पपुस्तिकाम् ।
श्रीमद् गुणसमुद्राख्यसूरिभ्यो दत्तं तत्पुनः ॥ ५ ॥ श्री ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ જિનશાસનરૂપી કલ્પવૃક્ષમાં મૂળ રૂપે શ્રી જિનેશ્વર દેવો અને સુધર્મ સ્વામી ઇત્યાદિ ગણધર ભગવંતો થડ રૂપે છે, અને ઉત્તમ ચારિત્રવાળા સ્થવિર ભગવંતોના ઉત્તમ ચારિત્ર રૂપી તેનાં ફૂલ છે. દાન ઇત્યાદિ સેવા દ્વારા સઘળા દેવેંદ્રો તેની નિરંતર સેવના કરે છે. તેની સુંદર છાયા સંસાર રૂપી તાપને દૂર કરે છે, અને તે મોક્ષગતિનું ફળ આપનારું છે. આ જિનશાસન રૂપી કલ્પવૃક્ષ સમાન છે.

તેમાં કલ્પવૃક્ષ સમાન શ્રી અંચલગચ્છમાં જિનચંદ્રસૂરિજીના શિષ્ય શ્રી સુમતિચંદ્રજી છે. તેઓને પદ્મદેવસૂરિજી નામના શિષ્ય, શ્રી પદ્મદેવસૂરિજીને શ્રી અભયદેવજી નામના સૂરિજી, શ્રી અભયદેવજીસૂરિજીને શ્રી અભયસિંહસૂરિજી, શ્રી અભયસિંહસૂરિજીને શ્રી ગુણસમુદ્ર-સૂરિજી અને શ્રી ગુણસમુદ્રસૂરિજીને શ્રી માણિક્યકુંજરસૂરિજી નામે શિષ્ય હતા. (૧–૨)

તે વખતે શ્રીમાળી વંશમાં વાગ્ભટ–મેરુ દુર્ગ (હાલના બાડમેર) માં દૂદા નામનો શ્રાવક હતો. તેને દેવલદેવી નામે પત્નીથી ઉત્પન્ન થયેલા જેસા, હાયા, દેલ્હિઆ અને આપૂ નામના મહાજનોમાં મુખ્ય એવા ચાર પુત્રો તથા તેઓની દૂહાદેવી નામની સાવકી માતા પ્રસિદ્ધ હતી. સંવત ૧૪૭૪ માં આ દૂદા નામના શ્રાવક અને તેના કુંટુંબીજનોએ આ કલ્પસૂત્રનું પુસ્તક તૈયાર કરાવી શ્રી ગુણસમુદ્રસૂરિજી તથા શ્રી માણિક્યકુંજરસૂરિજીને વહોરાવ્યું.

આ માણિક્યકુંજરસૂરિજીના ઉપદેશથી સંવત ૧૫૩૫ માં સુમતિનાથ ભગવાનની ધાતુપ્રતિમા કરાવેલી છે, તે શ્રી આબુ તીર્થની ભમતીમાં છે, તેનો લેખ આ પ્રમાણે છે:

संवत् १५३५ वर्षे का० वदि २ बुधे श्री श्रीमाल० श्रे० रहिया भा० चारुसुत मांडणकेन भा० अछवादे सुत हांसायुतेन श्री अंचलगच्छे । श्री माणिक्यकुंजरसूरीणामुपदेशेन श्रे० केल्हासुत हाबा श्रेयसे श्री सुमतिनाथबिम्बं कारितं प्रतिष्ठितं श्री संघेन ।

— अंचलगच्छ दिग्दर्शन (पृ. २६७)

'અંચલગચ્છ દિગ્દર્શન'ના લેખક 'શ્રી માણિક્યકુંજરસૂરિ એ જ માણિક્યશેખરસૂરિ સંભવે છે' એમ લખે છે, તે વાસ્તવિક નથી.

આ શ્રી માણિક્યકુંજરસૂરિજીએ ઉપરોક્ત સંવત ૧૪૭૪ માં લખાયેલી સુંદરતમ રંગીન ચિત્રોવાળી હસ્તપ્રત સિવાય પોતાના જાપના ઉપયોગ માટે કરાવેલા સૂરિમંત્રનો પ્રાચીન રંગીન કપડા પરનો યંત્રપટ બિજાપુર (ગૂજરાત)માં સ્વર્ગસ્થ શ્રી કનકવિમલસૂરિજીના ભંડારમાં હતો. તેનો ફોટો. 'શ્રી સૂરિમંત્ર કલ્પસમુચ્ચય'ના બીજા ભાગના પાના ૨૧૬ ની સામે પ્રસિદ્ધ થયેલો છે.[1] આ ઉપરાંત તેઓશ્રીએ કરાવેલો 'શ્રી ઋષિમંડલયંત્ર'નો સુંદર

૧ શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ, મુંબઈ. ઈ. સ. ૧૯૭૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રંગીન પટ આગમપ્રભાકર સ્વ. શ્રી પુણ્યવિજયના સંગ્રહમાં હતો. તેના ઉપરથી રંગીન બ્લોક કરાવેલો પટ મારા પોતાના સંગ્રહમાં છે.

ઉપરોક્ત કૃતિઓ જોવાથી, તેઓશ્રીનો જૈન ચિત્રકલા તથા જૈન મંત્ર–આમ્નાયો પ્રત્યેનો અદ્વિતીય પ્રેમ હોવાનું સાબિત થાય છે. આવા ઉચ્ચ કોટિના મહાપુરુષના જીવન સંબંધી પ્રકાશ પાડે તેવું સાહિત્ય ઉપલબ્ધ નથી.

સંવત ૧૪૭૪ માં લખાયેલી સુંદર ચિત્રવાળી હસ્તપ્રતમાં પણ તેઓશ્રીનો આચાર્ય તરીકે ઉલ્લેખ છે અને સંવત ૧૫૩૫ માં તેમના ઉપદેશથી કરાવેલી ધાતુપ્રતિમા પરના લેખ ઉપરથી એમ લાગે છે કે, તેઓશ્રીનો દીક્ષાપર્યાય બહુ જ લાંબા સમયનો હશે અને તે દરમ્યાન ઉપરોક્ત હસ્તપ્રત અને સુંદર રંગીન યંત્રપટો સિવાય ઘણી કલાકૃતિઓનું સર્જન તેઓશ્રીના ઉપદેશથી થયું હશે. તેઓશ્રીની આચાર્ય પદવી વીસપચીશ વર્ષની ઉંમરે થયેલી માનીએ, તો પણ તેઓશ્રીનું આયુષ્ય ઓછામાં ઓછું ૮૦–૮૫ વરસનું માની શકાય. આવા ઉચ્ચ કોટિના કલાત્મક સાહિત્યનું સર્જન કરાવનાર મહાપુરુષનું જીવંત સ્મારક આ કલાકૃતિઓ જ છે.

✖ ✖ ✖

### મહામંત્રવિશારદ અંચલગચ્છાધિપતિ શ્રી મેરુતુંગસૂરિ કૃત

## શ્રી સૂરિમુખ્યમંત્રકલ્પ [સચિત્ર]

શ્રી અંચલગચ્છની પરંપરામાં ૧૧ મી પાટે થયેલા મહામંત્ર વિશારદ શ્રી મેરુતુંગસૂરિજીનો જન્મ મારવાડમાં આવેલા નાણીનગરમાં સંવત ૧૪૦૩ માં પોરવાડ જ્ઞાતિના વોરા વઈરસિંહ પિતા અને નહણલેદ નામની માતાને ત્યાં થયો હતો. સંસારીપણામાં તેમનું નામ વસ્તિગ હતું. તેઓને સંવત ૧૪૧૦ માં માતાપિતાની સંમતિથી ધામધૂમપૂર્વક નાણી ગામમાં અંચલગચ્છીય બહુશ્રુત શ્રી મહેન્દ્રપ્રભસૂરિએ દીક્ષા આપી હતી. સંવત ૧૪૨૬ માં ગુજરાતની પ્રાચીન રાજધાની અણહિલપુર પાટણમાં તેઓશ્રીના ગુરુદેવ શ્રી મહેંદ્રપ્રભસૂરિજીએ, સંઘવી નરપાલે કરેલા મહોત્સવપૂર્વક તેઓશ્રીને આચાર્યપદે સ્થાપન કર્યા હતા. સં. ૧૪૪૬ માં તેઓશ્રીને ગચ્છનાયક પદ આપવામાં આવ્યું હતું અને તેઓશ્રી ૬૮ વરસની ઉંમરે સંવત ૧૪૭૧ ના માગશર સુદી પાંચમના પાટણમાં જ કાળધર્મ પામ્યા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org